# નહૂમનું કાવ્ય

## ફાધર વર્ગીસ પોલ

બાઈબલના બાર ગૌણ પયગંબરોમાં એક છે નહૂમ. બીજા પયગંબરોની અગમવાણીથી નહૂમની ભવિષ્યવાણી ઘણી રીતે જુદી પડે છે. ઈસાયલના બધા પયગંબરોએ પોતાની પ્રજાની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ભવિષ્યવાણી ભાખી છે. પણ નહૂમની પયંગબરી વાણીમાં એક વિદેશી પ્રજા અશુરોની (આસીરિયાની) વાત છે. બીજા બધા પયગંબરોએ પોતાની યહૂદી પ્રજાને કેન્દ્રમાં રાખીને ભવિષ્ય ભાખ્યું છે જ્યારે નહૂમની ભવિષ્યવાણીમાં પડોશી પ્રજા અશુરો અને એમના પાટનગર નિનવે કેન્દ્રમાં છે. છતાં પોતાની યહૂદી પ્રજા માટે જ નહૂમે પોતાની પયગંબરી વાણી ભાખી છે. નહૂમની અગમવાણીનો બોધપાઠ તો પોતાની યહૂદી પ્રજા માટે જ છે.

નહૂમ ગ્રંથના લેખક પયગંબર નહૂમ વિશે એના નામ સિવાય આપણે કશુંય જાણતા નથા. બાઈબલના પંડિતો માને છે કે નહૂમ નામ પણ ઘણુંખરું નહૂમિયાનું ટૂંકાવેલું રૂપ હશે નહૂમ શબ્દનો અર્થ થાય છે. દિલાસો, તો નહૂમિયાનો અર્થ થાય છે "પ્રભુ દિલાવોસ આપે છે." અથવા "પ્રભુનો દિલાસો."

નહૂમ ગ્રંથની મુખ્ય વાત તો નિનવેની પડતી વિશે છે. નિનવે યહૂદીઓના દુશ્મન અશુરોનું પાટનગર છે. એટલે નિનવેની પડતી યહૂદી પ્રજા માટે ખરેખર દિલાસો જ લાવે છે.

નહૂમગ્રંથના પ્રથમ વાક્ય મુજબ પયગંબર નહૂમ એલકોશ ના વતની છે. પણ બાઈબલમાં કે અન્યત્ર એલકોશ નગર વિશે કોઈ માહિતી નથી. પરંતુ નહૂમના સમય વિશે આપણને ચોક્કસ માહિતી મળે છે. નહૂમના ત્રીજા અધ્યાયમાં પયગંબરે નો-આમોનનગરની પડતીની વાત કરી છે. નો-આમોનનગરની પડતી ઈસવીસન પૂર્વે 663માં થઈ હતી. એટલે નો-ઓમનનગરીની પડતી પછી પયગંબર નહૂમે પોતાની ભવિષ્યવાણી ભાખી છે.

નહૂમના ત્રણેય અધ્યાયોમા નિનવે નગરીની પડતી થવાની વાત આવે છે. નિનવે નગરીનું પતન ઈ.સ. પૂર્વે 612 માં થયું હતું. એટલે બાઈબલના પંડિતો માને છે કે અશુરોના પાટનગર નિનવે ઉપર બાબિલોને ઘેરો ઘાલ્યો હતો તે અરસામાં કે એના થોડા સમય પહેલાં નહૂમે પોતાની પયગંબરી વાણી યહૂદીઓને સંભળાવી હશે. નહૂમના ઘણા ઉલ્લેખો સૂચવે છે કે નિનવેની પડતી થવાની તૈયારીમાં છે. આ સંદર્ભમાં આપણે સ્પષ્ટ માની શકીએ કે, યહૂદાના રાજા યોશિયાના વખતમાં નહૂમ જીવ્યો છે અને એ દષ્ટિએ નહૂમને પયગંબર સફનિયા અને યુવાન ઈર્મિયાનો સમકાલીન પણ ગણી શકાય.

અશુરોએ ઈસાયલની ઉત્તરમાં આવેલા સમરિયાના ઈ.સ. પૂર્વે 722-721માં નાશ કર્યો હતો અને ઈસાયલના દક્ષિણ રાજ્ય યહૂદા માટે અશુરો હમેશાં ખતરારૂપ હતા. વળી અશુરો અને તેમના રાજવીઓ તેમણે જીતેલી અને તાબે કરેલી પ્રજા ઉપર કરેલી ક્રૂરતમ

અત્યાચારો માટે કુખ્યાત હતા. તેણો પોતાના દુશ્મનોને મારી નાખતાં પહેલાં તેમના શરીરના જુદા જુદા અવયવોને કાપી નાખીને તેમને સખત રિબાવતા હતા. એટલે અશુરોના પાટનગર નિનવેની પડતીની વાત જ યહૂદાના લોકોને દિલાસો આપે છે.

નહૂમના પહેલા અધ્યાયમાં પ્રભુ અંગેની સમકાલીન માન્યતાઓને વાચા આપ્યા બાદ નહૂમ નિનવે અંગે દેવી વાણી સંભળાવતાં કહે છે, ઓ નિનવે અંગે દૈવી વાણી સંભળાવતાં કહે છે, "ઓ નિનવે, તારામાંથી એક કૂડકપટ કરનારો પાક્યો છે, જેણે પ્રભુ વિરુદ્ધ તરકટ રચ્યું છે. પ્રભુ પોતાના લોકોને કહે છે. તમારા દુશ્મનો ગમે તેવા બળવાન અને અસંખ્ય હશે તેમ છતાં તેમની કતલ થઈ જશે અને તેમનું નામનિશાન નહિ રહે. મેં તમને દુઃખ દીધું છે, પણ હવે દુઃખ નહિ દઉં. હવે હું તમારી ઉપરની તેમની ધૂંસરી ભાંગી નાખીશ અને તમારાં બંધનો તોડી નાખીશ." અહીં એક બાજુ પયગંબર નિનવે વિરુદ્ધ ચુકાદો આપે છે તો બીજી બાજુ પોતાની યહૂદી પ્રજાને દિલાસો અને આશ્વાસન આપે છે.

નહૂમ ગ્રંથમાં પયગંબર નહૂમ અશુરો ઉપર, એમના રાજા ઉપર તથા તેમના પાટનગર નિનવે ઉપર એક પછી એક ચુકાદો આપે છે. અશુરોના રાજા વિશ પયગંબર કહે છે, "તારું નામ રાખનાર કોઈ નહિ રહે. તારાં મંદિરોમાંથી બધી મૂર્તિઓનો હું નાશ કરીશ. હું તમારી કબર ખોદી રહ્યો છું. કારણ તું નાલાયક નીવડયો છે."

અશુરોના પાટનગર નિનવેને પયગંબર સંભળાવે છેઃ "ઓ નિનવે! ભાંગીતોડીને ચૂરેચૂરા કરી નાખનાર દુશ્મન તારી સામે ધસી રહ્યો છે. દુશ્મનના રણશૂરાઓએ લાલા ઢાલ સજી છે, તેના યોદ્ધાઓએ કિરમજી પોશાક પહેર્યો છે."

પયગંબર નહૂમ અગમદષ્ટિથી નિનવેના પતનનું દર્શન કરે છે અને ભાખે છે કે, "નિનવેનગરનો વિનાશ થઈ ગયો !" તે વેરાનવગડો થઈ ગયું ! છાતી બેસી જાય છે, પણ ધ્રુજે છે, સૌની કમર ભાંગી જાય છે, ને સૌના મોં ધોળાં પૂણી જેવાં થઈ જાય છે. "

નિનવે નગરીની આવનાર પડતી અને પાયમાલીનું કારણ આપતાં પયગંબર નહૂમ જણાવે છે કે, "આ બધું એ કુલટાના વ્યભિચારને લીધે, એ સુંદરીએ પોતાના જીવલેણ કામણકટ્રમણથી પ્રજાઓને ભોળવી તેને લીધે બને છે.!"

એક વખતે અશુરો એ ખૂબ શક્તિશાળી પ્રજા હતી. પરંતુ તેણે પોતાની શક્તિ અને સત્તાનો પૂરો ઉપયોગ કરીને પોતાની આસપાસની બધી પ્રજાઓને રંજાડી હતી. તેનો ખ્યાલ આપતાં નહૂમ કહે છે કે અશુરોના રાજાઓએ બધા લોકો ઉપર સતત દુષ્ટતા આચરી છે. "ઓ અશુરના રાજા, તારા સૂબાઓ અને ઉમરાવો ચિરનિદ્રામાં પોઢી ગયા છે. તારી પ્રજા ડુંગરો ઉપર વેરવિખેર થઈ ગઈ છે. કોઈ તેને એકત્ર કરનાર નથી. તારા ઘાનો કોઈ ઈલાજ નથી, તારો જખમ કારી છે. જે કોઈ તારી પડતીના સમાચાર સાંભળે છે તે તાળી પાડે છે, કારણ એવો કોણ છે જેના પ્રત્યે તે સતત દુષ્ટકા આચરી નહોય ?"

પયગંબર સ્પષ્ટપણે જણાવે છે કે અશુરની અને પાટનગર નિનવેની પડતી થવાનું કારણ અને ક્રૂરતા અને અત્યાચાર છે, એની મૂર્તિપૂજા અને જુલમ છે.

નહૂમગ્રંથ બે બાબતો માટે આપણું વિશેષ ધ્યાન ખેંચે છેઃ એક, ઈશ્વર પ્રભુ અંગેનો એનો ખ્યાલ, અને  બે, એની સાહિત્યિક કાવ્યાત્મકતા.

સંત પાઉલ રોમના ધર્મસંઘ પ્રત્યેના પત્રમાં ઈશ્વરનો ખ્યાલ આપતાં કહે છે કે, “ઈશ્વરની દયાને અને સખતાઈને ધ્યામાં રાખો.” નહૂમમાં પયગંબર કહે છે કે, “પ્રભુ એકદમ ગુસ્સે થતા નથી.” “પ્રભુ ભલાઈના ભંડાર છે”  “સંક્ટ સમયે તે આશ્રયસ્થાન છે, તેનું શરણું લેનારને તે સંભાળે છે.” પણ “તે કદી પણ ગુનેગારને જતા નહિ કરે.”

નહૂમના કાવ્યમય ગધ્યમાં આપણને પયગંબર નહૂમની ભાષાશક્તિનો ખ્યાલ આવે છે. એમની પાસે સારી શબ્દશક્તિ છે. દષ્ટાંતો, ઉપમાઓ અને સરખામણી તથા રૂપકના અલંકારોથી નહૂમની ભાષા દીપી ઊઠે છે. જુઓઃ “રાણીને કેદ પકડી ઉપડી જાય છે ત્યારે તેની દાસીઓ છાતી કૂટીને કબૂતરની જેમ વિલાપ કરે છે.” નિનવેએ તો એની જાહોજલાલીમાં “આકાશના તારા કરતાં તારા વેપારીઓની સંખ્યા વધારી પણ પાંખો આવતાં ઊડી જતાં તીડની પેઠે તેઓ ઊજી ગયા.” “ભેગાં કરેલાં ઝાંખરાં અને સૂકા ઘાસની પેઠે તમે બળીને ભસ્મ થઈ જશે.”

ઈસાયલી પ્રજાઓને ઘણી વાર રંજાડનાર અને ઈસાયલા ઉત્તર પ્રાન્ત સમરિયાનો કબજો કરનાર દુશ્મન રાજ્ય અશુરની પડતીમાં પયગંબર ઈશ્વરનો ન્યાય જુએ છે અને કહે છે કે, જુલમી અને અભિમાની પ્રજાઓનું અભિમાન ઊતર્યા વગર રહેતું નથી.

વળી, નહૂમ પોતાની પયગંબરી વાણી દ્વારા જાહેર કરે છે કે, ઈશ્વર પ્રભુ આખી દુનિયાના ઈશ્વર પ્રભુ છે, બધાં રાજ્યો અને ઈતિહાસના ઈશ્વર પ્રભુ છે, સર્વ કંઈના એ નિયંતા છે.